Date = 28-09-2025
Gandhinagar Bhaskar
First Page

# આજથી મેટ્રોના કોબા અને જૂના કોબા સ્ટેશન પર રેલ રોકાશે

## ટ્રેન સવારે 8-30 અને છેલ્લી ટ્રેન રાત્રે 8 કલાકે મળશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

મેટ્રો રેલ સેવાનો લાભ મનપામાં સમાવેશ નવા વિસ્તારોના લોકોને ધીરે ધીરે મળી રહ્યો છે. તેમાં બાકાત રહેલા કોબા અને જુનાકોબા વિસ્તારના લોકોને પણ મેટ્રો રેલ સેવાનો લાભ રવિવાંર તારીખ 28મીથી શરૂ કરવામાં આવનાર છે. મેટ્રો રેલ સેવા કોબા અને જુના કોબા સ્ટેશનથી સવારે 8-30 કલાકે અને રાત્રે 8 કલાકે મળી રહેશે. મેટ્રો રેલ સેવાનો પ્રારંભ થવાથી કોબા અને જુનાકોબા વિસ્તારના લોકોને વધુ એક ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળી રહેશે.




ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના વિસ્તરણમાં કોબા, ભાટ, જુનાકોબા, કોટેશ્વર, સુઘડ સહિત એસ.પી.રીંગરોડ સુધીનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. તેમાં ગાંધીનગરથી અમદાવાદ તરફ જતા માર્ગ ઉપરના ગ્રામ્ય વિસ્તારનો હાલમાં વિકાસ થવાની સાથે સાથે રહેણાંક વિસ્તારનો વ્યાપ વધી જવા પામ્યો છે. રાજ્યના પાટનગરને મેટ્રો રેલ સેવાનો લાભ મળી ગયો છે. ત્યારે હવે મેટ્રો રેલ સેવાનો લાભ સચિવાલય સુધી લંબાવ્યા બાદ હવે મેટ્રો રેલ સેવાને કોબા અને જુનાકોબા વિસ્તાર સુધી લંબાવવામાં આવી છે. કોબા અને જુનાકોબા વિસ્તારના લોકોને મેટ્રો રેલ સેવાનો લાભ 28મી, સપ્ટેમ્બર, રવિવારથી મળી રહેશે. જોકે કોબા અને જુનાકોબા મેટ્રો સ્ટેશનથી મેટ્રો રેલ સેવા સવારથી રાત્રી સુધી ચાલુ રહેશે. તેમાં કોબાના મેટ્રો રેલ સ્ટેશનમાં સવારે 8-04 કલાકે એપીએમસી સ્ટેશન તરફ જવા અને 8-32 કલાકે સચિવાલય તરફ જવા મેટ્રો રેલ મળી રહેશે. જ્યારે રાત્રે 8-07 કલાકે એપીએમસી તરફ અને 7-45 કલાકે સચિવાલય તરફની ટ્રેન મળશે. જ્યારે જુનાકોબા મેટ્રો સ્ટેશનથી સવારે 8 29 કલાકે સચિવાલય અને 8-06 કલાકે એપીએમસી સ્ટેશન તરફની મેટ્રો ટ્રેન મળશે. જ્યારે છેલ્લી મેટ્રો ટ્રેન રાત્રે 7-43 કલાકે સચિવાલય તરફથી અને 8-10 કલાકે એપીએમસી સ્ટેશન તરફથી મળી રહેશે. મેટ્રો રેલ સેવાનો લાભ કોબા અને જુનાકોબા વિસ્તારના લોકોને મળવાથી પ્રથમ ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળશે. જોકે એસ ટી બસ હાઈવે ઉપરથી પસાર થતી હોવાથી કોબા અને જુના કોબાના લોકોને હાઈવે સુધી લાંબા થવાની ફરજ પડે છે. આથી મેટ્રો ટ્રેન સેવા શરૂ થવાથી સ્થાનિક લોકોને ટ્રાન્સપોર્ટેશન માટે સરળ બની રહેશે.